ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એકેડેમિક/ 4417 /૨૦૨૪ તા. 15 /૦૫/૨૦૨૪ 06

પ્રતિ,
૧. ગુજરાત યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ અને અધ્યાપકો. (ઈ-મેઈલ મારફત)
૨. અનુસ્નાતક કેન્દ્રના વડાશ્રીઓ. (ઈ-મેઈલ મારફત)
૩. વિનયન,વિજ્ઞાન,વાણિજય,શિક્ષણ અને કાયદા વિધાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ. (ઈ-મેઈલ મારફત)

**વિષય: શૈ.વર્ષ ૨૦૨૪-૨૦૨૫નું એકેડેમિક કેલેન્ડર.**
**સંદર્ભ: તા.૨૬-૦૪-૨૦૨૪નો શિક્ષણ વિભાગનો ઠરાવ.**

શ્રીમાન,

આદેશ અનુસાર ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ તરફથી તા.૨૬-૦૬-૨૦૨૪ના રોજ ઠરાવ ક્રમાંક પરચ/૨૦૧૮/૬૧/ખ-થી રાજ્ય શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરેલ છે જે આ સાથે સામેલ છે જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં ગુજરાત યુનિવર્સિટી પરીક્ષા વિભાગ દ્વારા સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની પરીક્ષાની તારીખ અંગે સંલગ્ન કોલેજોમાં પરિપત્ર કરવામાં આવશે.

આભાર સહ.

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

**બિડાણ: ઉપર મુજબ.**

નકલ રવાના:
(૧) વિભાગીય વડાશ્રી,પરીક્ષા વિભાગ ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ-૯.(જરૂરી કાર્યવાહી અર્થે.)
(૨) વિભાગીય વડાશ્રી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ-૯.
(વેબસાઇટ ઉપર મુકવા તથા સંલગ્ન કોલેજો તથા ભવનોમાં ઇ-મેઈલ કરવા)

રાજયની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટેનુ કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવા બાબત.

Academic

ગુજરાત રાજ્ય
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬-૦૪-૨૦૨૪

09 MAY 2024
4547

આમુખ:

શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે વખતો વખત યુજીસીના નિયમો મુજબ કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવામાં આવે છે. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓના મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે નીચે જણાવ્યા મુજબનુ કોમન એકેડમિક કેલેન્ડર આથી નિયત કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સમયગાળો (તારીખ) |
|---|---|---|
| ૧ | પ્રથમ સત્ર (UG સેમ. 3 અને ૫ તથા PG સેમ. 3) | તા.૨૪-૦૬-૨૦૨૪ થી શૈક્ષણિક કાર્ય શરૂ કરવું (તા.૨૪-૦૬-૨૦૨૪ થી તા. ૧૪-૧૨-૨૦૨૪ સુધી ટીચિંગ સહિત પ્રથમ સત્રના કામકાજના ૧૨૪ દિવસો) |
| | પ્રવેશ પ્રક્રિયા: | તા.૦૧-૦૬-૨૦૨૪ થી તા.૨૫-૦૬-૨૦૨૪ સુધીમા GCAS મુજબ રજીસ્ટ્રેશન અને ધોરણ-૧૨ના પરિણામ જાહેર થયા પછી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી. |
| | પ્રથમ સત્ર (UG / PG સેમ. ૧) | તા:૨૬/૦૬/૨૦૨૪ થી શરૂ કરવુ. |
| ૨. | દિવાળી વેકેશન | તા:૨૭-૧૦-૨૦૨૪ થી તા.૧૬-૧૧-૨૦૨૪ સુધી (૨૧-દિવસો) |

| | | |
|---|---|---|
| | | દિવાળી વેકેશન ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી સહીત ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણની યુનિવર્સિટીઓ/કોલેજોમાં સમાન રહેશે. |
| ૩ | યુનિ. વિભાગ / કોલેજોની આંતરીક મૂલ્યાંકન | વીક્લી ટેસ્ટ/ પ્રોજેક્ટ વર્ક/ ગ્રૂપ ડીસ્કશન વગેરે થી પ્રથમ સત્રના અંત પહેલાં અથવા યુનિવર્સિટીઓ દ્વારા નક્કી કરવામાં આવશે. (તા.૧૮/૧૧/૨૦૨૪ થી ૧૪/૧૨/૨૦૨૪ દરમિયાન) |
| ૪ | પ્રથમ સત્ર સમાપ્તિ | તા. ૧૪/૧૨/૨૦૨૪ સુધીમા પૂર્ણ કરવું. |
| ૫. | દ્વિતીય સત્ર (UG સેમ. ૪ અને ૬ તથા PG સેમ. ૪) | તા.૧૬/૧૨/૨૦૨૪ થી તા.૨૮/૦૪/૨૦૨૫ સુધી (ટીચિંગ સહિત દ્વિતીય સત્રના કામકાજના ૧૦૬ દિવસો) |
| ૬. | યુનિ. વિભાગ / કોલેજોની દ્વિતીય સત્ર આતરીક મૂલ્યાંકન | વીક્લી ટેસ્ટ/પ્રોજેક્ટ વર્ક/ગ્રૂપ ડીસ્કશન વગેરે થી એપ્રિલ-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવી. દ્વિતીય સત્રના અંત પહેલાં અથવા યુનિવર્સિટીઓ દ્વારા (તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૨૭/૦૪/૨૦૨૫ દરમિયાન) નક્કી કરવામાં આવશે. |
| ૭. | દ્વિતીય સત્ર સમાપ્તિ | તા. ૨૮/૦૪/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવું. |
| ૮. | ઉનાળુ વેકેશન | તા. ૨૯/૦૪/૨૦૨૫ થી તા.૧૬/૦૬/૨૦૨૫ (૪૯ દિવસો) |
| ૯. | નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬ | તા: ૧૭/૦૬/૨૦૨૫ થી શરૂ કરવું. |

નોંધ:

૧. વેકેશન દરમિયાન યુનિવર્સિટીની વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓ દરમ્યાન ટીચિંગ / નોન ટીચિંગ સ્ટાફ દ્વારા પરીક્ષાઓ અંગેની તમામ ડ્યુટી અચૂક બજાવવાની રહેશે.

૨. ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને તેને સંલગ્ન ટેક્નીકલ શિક્ષણની યુનિવર્સિટીઓ/કોલેજોમાં AICTE દ્વારા કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવામાં આવશે તે પ્રમાણે ટેક્નીકલ કોલેજોનું કેલેન્ડર અમલી બનશે.

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪નું ઉનાળું વેકેશન તમામ સરકારી યુનિવર્સિટીઓમાં (મેડીકલ. ઇજનેરી. ફાર્મસી અને પ્રોફેશનલ કોર્ષિસ સિવાયના અભ્યાસક્રમો) તા.૦૯/૦૫/૨૦૨૪ થી તા.૨૩/૦૬/૨૦૨૪ સુધી રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એસ.પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,
- મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી. ગાંધીનગર. (અલાયદા પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી. સચિવાલય. ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીના (ઉ. અને ટે. શિ.)ના અંગત સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી. સચિવાલય. ગાંધીનગર.

- અગ્રસચિવશ્રી (શિ.)ના અગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કુલસચિવશ્રી, સંબધિત સર્વે યુનિવર્સિટીઓ અને સંબધિત સર્વે સરકારી કોલેજો (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર અને ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર મારફત)
- એડવાઇઝરશ્રી, કે.સી.જી. કચેરી, પ્રજ્ઞાપુરમ, એલ.ડી. ઇજનેરી કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ
- નાયબ સેક્શન અધિકારી, સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.